વાપસીના થોડા દિવસો પછી જ ઈજાના કારણે રાફેલ નડાલ ઓસ્ટ્રેલિયન ઓપનમાંથી ખસ્યો

ઈજાને કારણે એક વર્ષ સુધી બહાર રહેલા નડાલે વાપસી પછી માત્ર એક ટૂર્નામેન્ટ રમ્યા પછી ફરી બ્રેક લેવાનો નિર્ણય કર્યો

સ્નાયુમાં ઘા હોવાથી હું સ્પેન પરત જાઉં છું અને હાલના સમયે હાઇ લેવલની ટૂર્નામેન્ટમાં પાંચ સેટની મેચમાં ભાગ લઇ શકું તેમ નથી : રાફેલ નડાલનું ટ્વિટ

મેલબોર્ન, તા. 07 : એક વર્ષ કરતાં વધુ સમય સુધી ઈજાને કારણે સ્પર્ધાત્મક ટેનિસ કોર્ટથી દૂર રહ્યા પછી વાપસી કરીને માત્ર એક ટૂર્નામેન્ટ રમનારા રાફેલ નડાલે ઈજાને કારણે ઓસ્ટ્રેલિયન ઓપનમાંથી ખસી જવાનો નિર્ણય કર્યો છે. નડાલે કહ્યું હતું કે તે પોતાના સર્જિકલ હિપ વિશે ચિંતિત છે કારણ કે તેણે તેની બ્રિસ્બેન ટૂર્નામેન્ટની શુક્રવારે રમાયેલી ક્વાર્ટર ફાઈનલ મેચના ત્રીજા સેટમાં 'મેડિકલ ટાઈમ આઉટ' લેવો પડ્યો હતો જેમાં તે જોર્ડન થોમ્પસન સામે હારી ગયો હતો.

22 વખતના ગ્રાન્ડ સ્લેમ વિજેતાએ કહ્યું હતું કે તેને શરૂઆતમાં લાગ્યું હતું કે તે ટેન્ડન સમસ્યાને બદલે સ્નાયુમાં તણાવ છે. ગયા વર્ષે આ સમય દરમિયાન, તેને ટેન્ડનની સમસ્યાને કારણે ઘણી પીડા સહન કરવી પડી હતી. પરંતુ તેણે રવિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કર્યું હતું કે મેલબોર્નથી આવ્યા પછીના સ્કેનથી જાણવા મળ્યું છે કે તેના સ્નાયુમાં નાનો ઘા છે અને તે સારવાર માટે સ્પેન પાછો જઈ રહ્યો છે. આ સમયે, હું ઉચ્ચ સ્તર પર પાંચ સેટની મેચમાં ભાગ લેવા માટે તૈયાર નથી. નડાલે કહ્યું હતું કે આ પુનરાગમન માટે મેં આખું વર્ષ ખૂબ જ મહેનત કરી હતી અને મેં હંમેશા ઉલ્લેખ કર્યો છે તેમ, મારું લક્ષ્ય ત્રણ મહિનામાં મારા શ્રેષ્ઠ સ્તર પર રહેવાનું છે. નડાલે તેની પ્રથમ બે સ્પર્ધાત્મક મેચો જીતી હતી, તેણે ડોમિનિક થીમ અને ઓસ્ટ્રેલિયન વાઈલ્ડકાર્ડ હોલ્ડર જેસન કુબલરને હરાવ્યા હતા. ક્વાર્ટર ફાઈનલમાં તેને બીજા સેટમાં ત્રણ મેચ પોઈન્ટ મળ્યા હતા પરંતુ નડાલ ત્રણેય હાર્યો હતો.

બ્રિસ્બેન ઓપન : મહિલાઓમાં રિબાકીના પુરૂષોમાં દિમિત્રોવ ચેમ્પિયન

રિબાકીનાએ સબાલેન્કાને હરાવીને ગત વર્ષની ઓસ્ટ્રેલિયન ઓપનની હાર બદલો વાળ્યો, દિમિત્રોવે છ વર્ષમાં પહેલું ટાઇટલ જીત્યું

બ્રિસ્બેન, તા. 07 : એલેના રિબાકીનાએ પોતાની શ્રેષ્ઠ રમત દાખવીને રવિવારે ટોચની ક્રમાંકિત આર્યના સબાલેન્કાને સીધા સેટમાં હરાવીને બ્રિસ્બેન ઈન્ટરનેશનલ ટેનિસ ટુર્નામેન્ટમાં મહિલા સિંગલ્સ ટાઈટલ જીત્યું હતું. તો આ તરફ મેન્સ સિંગલ્સમાં બીજા ક્રમાંકિત ગ્રિગોર દિમિત્રોવે ટોચના ક્રમાંકિત હોલ્ગર રૂનને 7-6, 6-4થી હરાવીને છ વર્ષમાં તેનું પહેલું ટાઈટલ જીત્યું હતું.

બીજી ક્રમાંકિત રિબાકિનાએ ફાઈનલમાં સબાલેન્કાને 6-0, 6-3થી હરાવીને તેની કેરિયરનું છઠ્ઠું ટાઈટલ જીતીને ઓસ્ટ્રેલિયન ઓપન માટેની તેની તૈયારીઓ મજબૂત હોવાનો પુરાવો આપ્યો હતો. અગાઉ સાબાલેન્કાએ આ બે ખેલાડીઓ વચ્ચેની સાતમાંથી પાંચ મેચ જીતી હતી, પરંતુ રવિવારે વિશ્વની ચોથા નંબરની રિબાકીનાના ગ્રાઉન્ડસ્ટ્રોકનો તેની પાસે કોઈ જવાબ નહોતો. સબાલેન્કાએ ગયા વર્ષે રિબાકીનાને હરાવીને ઓસ્ટ્રેલિયન ઓપનનું ટાઈટલ જીત્યું હતું પરંતુ અહીં તેણે પ્રથમ સેટમાં તેની ત્રણ સર્વિસ ગુમાવી દીધી હતી. રિબાકિનાએ પ્રથમ સેટ માત્ર 24 મિનિટમાં જીતી લીધો હતો.

ICCએ 'આર્મબેન્ડ' પ્રતિબંધ સામેની ખ્વાજાની અપીલ નકારી કાઢી

મેલબોર્ન, તા. 07 : ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) એ ઓસ્ટ્રેલિયન ઓપનર ઉસ્માન ખ્વાજાની આર્મબેન્ડપહેરવા માટે લાદવામાં આવેલા પ્રતિબંધ સામેની અપીલને ફગાવી દીધી છે. રવિવારે સિડની મોર્નિંગ હેરાલ્ડના એક અહેવાલમાં આ દાવો કરવામાં આવ્યો છે. ગાઝામાં ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષથી પ્રભાવિત બાળકોના સમર્થનમાં પાકિસ્તાન સામેની ત્રણ મેચની સીરિઝની શરૂઆતની ટેસ્ટ દરમિયાન ખ્વાજાએ કાળી પટ્ટી પહેરી હતી.

કોકો ગોએ સતત બીજીવાર ઓકલેન્ડ ક્લાસિક ટાઇટલ જીત્યું

કોકો ગો જુલિયા જ્યોર્જસ પછી બેક-ટુ-બેક ઓકલેન્ડ ક્લાસિક ટાઇટલ જીતનારી પ્રથમ ખેલાડી બની

ઓકલેન્ડ, તા. 07 : ટોચની ક્રમાંકિત કોકો ગોએ પ્રથમ સેટ ગુમાવ્યા પછી અદભૂત પુનરાગમન કરીને રવિવારે અહીં ફાઈનલમાં બીજી ક્રમાંકિત એલિના સ્વિતોલિનાને 6-7, 6-3, 6-3થી હરાવીને ઓકલેન્ડ ટેનિસ ક્લાસિકમાં તેના ટાઈટલને સફળતાપૂર્વક ડિફેન્ડ કર્યું હતું. આખા અઠવાડિયમાં એવું પ્રથમ વાર બન્યું હતું કે જ્યારે કોકો ગોને ત્રણ સેટ સુધી સંઘર્ષ કરવો પડ્યો હોય. કોકો ગો 2018 અને 2019ની ચેમ્પિયન જુલિયા જ્યોર્જસ પછી બેક-ટુ-બેક ઓકલેન્ડ ક્લાસિક ટાઈટલ જીતનારી પ્રથમ ખેલાડી બની છે. 1989 પછી એવું પહેલીવાર બન્યું છે કે જ્યારે કોઈ અમેરિકન ખેલાડીએ આ ઈવેન્ટમાં તેના ટાઈટલનો બચાવ કર્યો. તેના પહેલા, પૅટી ફેન્ડિકે 1988 અને 1989માં ઓકલેન્ડ ક્લાસિક ટાઈટલ જીત્યું હતું.

સુડોકુ - 'કઠિન'

૩		૬	૮		૨			
૮	૫	૧			૩	૪		૨
૨	૯			૪	૫	૩		૮
૪		૫	૨				૮	૩
		૩	૪	૮	૬	૧	૨	૫
				૫			૪	૯
૬	૩			૨			૫	
૭		૨		૩				૬
૫	૧	૭	૭					

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૨	૬	૯	૭	૩	૭	૭	૮	૫
૩	૮	૭	૨	૬	૯	૫	૭	૧
૭	૫	૧	૮	૯	૭	૨	૬	૩
૮	૯	૨	૭	૫	૧	૩	૪	૬
૬	૩	૪	૧	૮	૨	૯	૭	૫
૭	૧	૫	૬	૨	૩	૮	૯	૪
૯	૭	૬	૩	૧	૫	૪	૨	૮
૫	૨	૮	૯	૪	૬	૭	૩	૧
૧	૪	૩	૫	૭	૮	૬	૫	૨

સુડોકુ ૪૯૦૬

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

કડુ

યકૃતની બીમારી માટે કડુ ઉત્તમ છે. ઉત્તમ પિત્ત શામક છે. કડુ લેખન, ભેદન અને રેચક ગુણો ધરાવે છે. એટલે કડુ રોજ 3 ગ્રામ, અજમાં સાથે લેવાથી કાળા ચીકણા ઝાડા થઈ ચોંટેલા મળ ને ઉખેડી બહાર કાઢી નાંખે છે.

આજનું પંચાંગ

તા. 08/01/2024, સોમવાર

વિક્રમ સંવત : 2080 **શાકે :** 1945
વીર સંવત : 2550 **માસ :** માગશર
તિથિ: વદ:- બારસ:-23:59, **અયન :** ઉત્તરાયન
ઋતુ : શિશિર **રાષ્ટ્રિય દિનાંક :** પૌષ 18
નક્ષત્ર : અનુરાધા 22:03 પછી જન્મનારની જયેષ્ઠાની શાંતિ કરાવવી. **યોગ:** ગંડ
કરણ : કૌવલ **રાશિ :** વૃશ્ચિક (ન.ચ.)
દિવસ : શુભ
સુરતમાં સૂર્યોદય : 07:19 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:12
નવકારસી : 08:07
પારસી વર્ષ : 1393, અમરદાદ માસનો 26મો રોજ
મુસલમાન વર્ષ : 1445, જમાદીઉલ આખર માસનો 25મો રોજ
દિવસનાં ચોઘડિયાં: અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
રાત્રિનાં ચોઘડિયાં: ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
રાહુ કાળ : સવારે 07:30 થી 09:00 સુધી

મેષ (અ.લ.ઇ.): કોઈના જામીન થવું નહીં. વિચાર્યા વગરનું કોઇ જોખમ ઊઠાવવું નહીં. સરકારી કામમાં વિઘ્નો આવે.
વૃષભ (બ.વ.ઉ.): કુટુંબ પરિવારના કામની ચિંતા વધશે તાલમેળ ઓછો રહેવાથી રોજનાં કામ અટકશે..
મિથુન (ક.છ.ઘ.): કોઇની સાથે વિવાદ થઇ શકે છે. જૂના દર્દો પરેશાન કરશે. ખર્ચા વધે. ધીરજ રાખવી.
કર્ક (ડ.હ.): મિત્રો પરિવાર સાથે મનોરંજન પ્રવાસ થાય. મોજ-શોખના ધંધામાં લાભ થાય. શેર બજારનાં કામ થાય.
સિંહ (મ.ટ.): પરિવારમાં તાલમેળ ઓછો રહે. બહારનાં કામમાં વિઘ્નો આવે. પ્રવાસમાં સાવધાન રહેવું.
કન્યા (પ.ઠ.ણ.): ભાઈબહેનોનો સાથ મળે આત્મવિશ્વાસ વધશે. સ્વતંત્ર અને નિડર બનશે.
તુલા (ર.ત.): પરિવારની સમસ્યાનો નિકાલ થઇ શકે છે. નવા કામમાં મદદ મળે. આર્થિક બાબતે ચોક્કસ થશો.
વૃશ્ચિક (ન.ય.): અચાનક પ્રવાસનું આયોજન થાય સામાજિક કામમાં સાવધાન રહેવું, વિઘ્નો આવશે.
ધન (ભ.ધ.ફ.ઢ.): પોલીસ લફરાથી બચવું પડવા-વાગવા અને ચોર-લૂટારુથી સાવધાન રહેવું. ખર્ચા વધશે.
મકર (ખ.જ.): સંતાનોની ચિંતા સતાવે. શેર, સટ્ટા, લોટરી, વાયદામાં ધીરજ રાખવી. મિત્રો સાથે વિવાદ થાય.
કુંભ (ગ.સ.શ.ષ.): સ્વતંત્ર ધંધામાં આવક વધે. નોકરીમાં ઉપરી વર્ગ સાથે ઘર્ષણ થાય.
મીન (દ.ચ.ઝ.થ.): કાયદા કનૂનના કામમાં વિલંબ થાય. પ્રવાસ અને વિદેશનાં કામમાં અનુકૂળતા વધશે.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

કોઇ પણ સાલમાં 08 જાન્યુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ પ્રગતિજનક રહેશે. નોકરી ધંધામાં નવા ફેરફારથી અનુકૂળતા વધશે. નવાં કામ પાર પડે. સમાજીવનમાં માન મળે અને આધુનિક વિચારોની કદર થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વર્ષ દરમિયાન આવકનાં નવાં સાધનો ઊભા થાય તેમજ નવી ટેકનોલોજીનો લાભ મળે. ઉમરલાયકના વિવાહ થાય. વિદેશના કામ પાર પડશે. સરકારી કામ કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. ખેતી, જમીન, મકાન, વાહનનાં કામ થાય. સ્વતંત્ર ધંધા-વ્યવસાયમાં મિત્રોની મદદ મળે. વારસાનાં કામ પાર પડે. સંતાનોની પ્રગતિ થાય. નવા રોકાણમાં માર્ગદર્શન મળે. આરોગ્યનું ધ્યાન રાખવું પડશે. વિશ્વાસઘાત થઇ શકે છે. નોકરીમાં જવાબદારી વધશે. ડિસેમ્બર - જાન્યુઆરી - ફેબ્રુઆરીમાં નવા ફેરફારથી લાભ થાય. માર્ચ-એપ્રિલમાં કામનો બોજ વધશે.

ટીમમાં સેમસન અને જીતેશ શર્માનો સમાવેશ, હાર્દિકના સ્થાને શિવમ દુબેને અને જાડેજાના સ્થાને અક્ષરને સમાવાયો

અફઘાનિસ્તાન સામેની સીરિઝ માટે ભારતીય ટી-20 ટીમમાં રોહિત-કોહલીની વાપસી

રોહિત શર્મા અને વિરાટ કોહલીનો લગભગ 14 મહિના પછી ભારતની ટી-20 ટીમમાં સમાવેશ કરાયો

દક્ષિણ આફ્રિકામાં મુખ્ય પસંદગીકાર અગરકર સાથેની મુલાકાત પછી બનેએ ટી-20 ફોર્મેટ માટે પોતાને ઉપલબ્ધ ગણાવ્યા

કેપટાઉન, તા. 07 (પીટીઆઈ) : અફઘાનિસ્તાન સામેની ત્રણ ટી-20 મેચની સીરિઝ માટેની ભારતની ટી-20 ટીમમાં રોહિત શર્મા અને વિરાટ કોહલીની વાપસી થઇ છે. રવિવારે જાહેર કરાયેલી 16 સભ્યોની ટીમનું સુકાન રોહિત શર્માને જ સોંપવામાં આવ્યું છે. રોહિત અને વિરાટે 10 નવેમ્બર 2022ના રોજ ટી-20 વર્લ્ડકપમાં ઈંગ્લેન્ડ સામેની સેમીફાઈનલના રૂપમાં દેશ માટે તેમની છેલ્લી ટી-20 મેચ રમી હતી.

આ બંને દિગ્ગજ ખેલાડીએ લગભગ 14 મહિનાથી કોઈપણ ટી-20 ઈન્ટરનેશનલ મેચ રમી નથી. એવું માનવામાં આવે છે કે દક્ષિણ આફ્રિકામાં પસંદગી સમિતિના વડા અજીત અગરકર સાથેની મુલાકાત દરમિયાન બંનેએ પોતાને આ ફોર્મેટમાં રાષ્ટ્રીય ટીમ માટે ઉપલબ્ધ જાહેર કર્યા હતા. ભારતીય ટીમ તેની પ્રથમ મેચ અફઘાનિસ્તાન સામે 11 જાન્યુઆરીએ મોહાલીમાં રમશે. સીરિઝની બીજી અને ત્રીજી મેચ અનુક્રમે ઈન્દોરમાં 14 અને બેંગલુરુમાં 17 જાન્યુઆરીએ રમાશે.

16 સભ્યોની ટીમમાં ઈશાન કિશનને આરામ આપીને સંજુ સેમસન અને નવા વિકેટકીપર જીતેશ શર્માને તક આપવામાં આવી છે. રોહિત શર્મા ઉપરાંત ટીમમાં શુભમન ગિલ અને યશસ્વી જયસ્વાલના રૂપમાં બે નિષ્ણાત ઓપનર છે. વિરાટ કોહલી પણ આઈપીએલમાં ઓપનિંગ કરે છે પણ ટી-20 માટેની રાષ્ટ્રીય ટીમમાં તેની ભૂમિકા શું હશે તે અત્યારે સ્પષ્ટ નથી. હાર્દિક પંડ્યાની ખાલી જગ્યા પુરવા માટે શિવમ દુબેનો સમાવેશ કરાયો છે. જ્યારે રવીન્દ્ર જાડેજાને બદલે અક્ષર પટેલને સમાવાયો છે. ટીમમાં રવિ બિશ્નોઈ અને કુલદીપ યાદવ જેવા મજબૂત લેગ સ્પીનર છે, જ્યારે ઝડપી બોલિંગની જવાબદારી અર્શદીપ સિંહ, અવેશ ખાન અને મુકેશ કુમારના ખભા પર રહેશે.

અફઘાનિસ્તાન સામેની ટી-20 સીરિઝ માટેની ભારતીય ટીમ

રોહિત શર્મા (કેપ્ટન), શુભમન ગિલ, યશસ્વી જયસ્વાલ, વિરાટ કોહલી, તિલક વર્મા, રિંકુ સિંઘ, જીતેશ શર્મા (વિકેટકીપર), સંજુ સેમસન (વિકેટકીપર), શિવમ દુબે, વોશિંગ્ટન સુંદર, અક્ષર પટેલ, રવિ બિશ્નોઈ, કુલદીપ યાદવ, અર્શદીપ સિંહ. , અવેશ ખાન, મુકેશ કુમાર.

રણજી ટ્રોફી : પુજારાની ફર્સ્ટ ક્લાસમાં 17મી બેવડી સદી સાથે સૌરાષ્ટ્રની પકડ મજબૂત

પૂજારાએ હર્બર્ટ સટક્લિફ અને માર્ક રામપ્રકાશની બરોબરી કરી, ડોન બ્રેડમેન 37 બેવડી સદી સાથે પહેલા સ્થાને

રાજકોટ, તા. 7 : અનુભવી બેટ્સમેન ચેતેશ્વર પુજારાની 17મી બેવડી સદીના આધારે, રણજી ટ્રોફી એલિટ ગ્રુપ A મેચના ત્રીજા દિવસે સૌરાષ્ટ્રે ઝારખંડ સામે સકંજો કસ્યો હતો. પુજારાએ નોટઆઉટ 104 રન કરનાર પ્રેરક માંકડ સાથે પાંચમી વિકેટ માટે 256 રનની નોટઆઉટ ભાગીદારી કરતા સૌરાષ્ટ્રે તેનો પ્રથમ દાવ ચાર વિકેટે 578 રન પર ડિક્લેર કરીને ઝારખંડ પર 436 રનની સરસાઈ મેળવી હતી. સ્ટમ્પના સમયે ઝારખંડે બે વિકેટે 140 રન બનાવ્યા હતા. ટીમ હજુ પણ 296 રનથી પાછળ છે અને તેના પર ઈનિંગ્સની હારનું જોખમ તોળાયું છે.

પૂજારાએ 356 બોલમાં 243 રનની નોટઆઉટ ઈનિંગમાં 30 ચોગ્ગા ફટકાર્યા હતા. તેની 17મી ફર્સ્ટ ક્લાસ બેવડી સાથે, પૂજારાએ હર્બર્ટ સટક્લિફ અને માર્ક રામપ્રકાશની બરાબરી કરી હતી. ફર્સ્ટક્લાસમાં 37 બેવડી સદી સાથે ડોન બ્રેડમેન પહેલા, 36 બેવડી સદી સાથે વોલી હેમન્ડ બીજા અને 22 બેવડી સદી સાથે હેનરી હેન્ડ્રેન ત્રીજા સ્થાને છે.

ફર્સ્ટક્લાસ ક્રિકેટમાં સર્વાધિક બેવડી સદી

ખેલાડી	દેશ	બેવડી સદી
ડોન બ્રેડમેન	ઓસ્ટ્રેલિયા	37
વોલી હેમન્ડ	ઈંગ્લેન્ડ	36
હેનરી હેન્ડ્રેન	ઈંગ્લેન્ડ	22
ચેતેશ્વર પુજારા	ભારત	17
હર્બર્ટ સટક્લિફ	ઈંગ્લેન્ડ	17
માર્ક રામપ્રકાશ	ઈંગ્લેન્ડ	17

નેધરલેન્ડ-નામિબિયા વર્લ્ડકપની તૈયારી માટે SA20 ટીમો સાથે પ્રેક્ટિસ મેચ રમશે

જોહાનિસબર્ગ, તા. 07 (પીટીઆઈ) : નેધરલેન્ડ અને નામિબિયાની ટીમો આ વર્ષે જૂનમાં યોજાનાર ટી-20 વર્લ્ડકપની તૈયારી માટે દક્ષિણ આફ્રિકાની ટી-20 લીગ એસએ-20ની ટીમો સાથે પ્રેક્ટિસ મેચ રમશે. નેધરલેન્ડ અને નામિબિયાના ખેલાડીઓને એસએ20માં રમી રહેલા ઘણા ટોચના ખેલાડીઓનો સામનો કરવાની તક મળી શકે છે.

નેધરલેન્ડનો મુકાબલો સનરાઈઝર્સ ઈસ્ટર્ન કેપ, પાર્લ રોયલ્સ અને એમઆઈ કેપટાઉન સાથે થશે જ્યારે નામીબીઆ જોબર્ગ સુપર કિંગ્સ સામે પ્રેક્ટિસ મેચ રમશે. નામિબિયાના મુખ્ય કોચ પિયર ડી બ્રુને કહ્યું કે વોર્મ-અપ મેચ રમવી એ યુએસએ અને વેસ્ટઈન્ડિઝમાં રમાનારા ટી-20 વર્લ્ડકપ માટે તેમની ટીમ માટે આદર્શ તૈયારી હશે.

બીજી ટી-20માં ઓસ્ટ્રેલિયન ટીમે ભારતીય મહિલાઓને 6 વિકેટે હરાવી

ભારતીય મહિલા બેટરો સારી શરૂઆતને મોટા સ્કોરમાં ન ફેરવી શકતાં ભારત 9 વિકેટે 130 રન સુધી જ પહોંચી શક્યું

એલિસ પેરી અને ફોબી લિચફિલ્ડે 20 બોલમાં 36 રનની નોટઆઉટ ભાગીદારી કરીને ઓસ્ટ્રેલિયાને 6 વિકેટે જીતાડ્યું

નવી મુંબઈ, તા. 07 : રવિવારે અહીં રમાયેલી બીજી ટી-20 મેચમાં ભારતીય મહિલા બેટરો પોતાની સારી શરૂઆતને મોટા સ્કોરમાં ન ફેરવી શકતા યજમાન ટીમે 8 વિકેટે 130 રન બનાવીને મૂકેલા 131 રનના લક્ષ્યાંકને ઓસ્ટ્રેલિયાએ 4 વિકેટના ભોગે કબજે કરીને મેચ 6 વિકેટે જીતીને સીરિઝ 1-1ની બરોબરી પર મૂકી હતી.

ઓસ્ટ્રેલિયાને એલિસા હિલી અને બેથ મૂનીએ સારી શરૂઆત અપાવી હતી, જો કે બંને ઓપનર ટૂંકા ગાળામાં આઉટ થયા પછી ભારતીય ટીમે થોડી પકડ મજબૂત કરીને વધુ બે વિકેટ ખેરવતા ઓસ્ટ્રેલિયાએ 97 રનમાં 4 વિકેટ ગુમાવી હતી. જો કે તે પછી એલિસ પેરી અને ફોબી લિચફિલ્ડે 20 બોલમાં 36 રનની ભાગીદારી કરીને ટીમને 6 વિકેટે જીત અપાવી હતી.

આ પહેલા ઓસ્ટ્રેલિયન ટીમે ટોસ જીતીને ફિલ્ડીંગ પસંદ કર્યા પછી પ્રથમ દાવ લેવા ઉતરેલી ભારતીય ટીમ વતી સ્મૃતિ મંધાનાએ 23, ઋચા ઘોષે 23ની સારી શરૂઆત મોટી ઈનિંગ્સમાં ફેરવી શકી નહોતી. સામેના છેડે વિકેટો પડી રહી હોવા છતાં દીપ્તિ શર્માએ ઈનિંગના છેલ્લા બોલે રનઆઉટ થતા પહેલા 27 બોલમાં પાંચ ચોગ્ગા સાથે 31 રન બનાવીને ટીમને આ સ્કોર સુધી પહોંચાડી હતી.

ભારતીય મહિલા	રન	બોલ	4	6
શેફાલી LBW બો.ગ્રોથ	1	6	0	0
સ્મૃતિ કો.પેરી બો.સધરલેન્ડ	23	26	2	1
જેમિમા કો.હિલી બો.ગ્રાથ	13	9	3	0
હરમનપ્રીત કો.પેરી બો.ગાર્ડનર	6	12	0	0
ઋચા LBW બો.વેરહામ	23	19	2	1
દિપ્તિ રન આઉટ	30	27	5	0
પૂજા LBW બો.વેરહામ	9	12	0	0
અમનજોત કો.મેકગ્રા બો.સધરલેન્ડ	4	2	1	0
શ્રેયંકા નોટ આઉટ	7	8	1	0
વધારાના	14			
કુલ (20 ઓવર્સ 8 વિકેટે)	130			

વિકેટ પતન: 1/4 2/20 3/42 4/54 5/87 6/102 7/107 8/130

બોલિંગ :	O	M	R	W
મેગન શટ	4	0	29	0
કિમ ગ્રાથ	4	0	27	2
એશ્લે ગાર્ડનર	4	0	33	1
અનાબેલ સધરલેન્ડ	4	0	18	2
જ્યોર્જિયા વેરહામ	4	0	17	2

ઓસ્ટ્રેલિયા મહિલા	રન	બોલ	4	6
હિલી કો.શ્રેયંકા બો.દીપ્તિ	26	21	4	0
મૂની સ્ટ.ઋચા બો.દીપ્તિ	20	29	2	0
મેકગ્રા કો.ઋચા બો.શ્રેયંકા	19	21	3	0
પેરી નોટ આઉટ	34	21	3	2
ગાર્ડનર કો.ઋચા બો.પૂજા	7	10	1	0
લિચફિલ્ડ નોટ આઉટ	18	12	3	0
વધારાના	9			
કુલ (19 ઓવર્સ 4 વિકેટે)	133			

વિકેટ પતન: 1/51 2/58 3/89 4/97

બોલિંગ :	O	M	R	W
રેણુકા સિંહ	4	0	22	0
તિતાસ સાધુ	3	0	21	0
શ્રેયંકા પાટીલ	4	0	40	1
દીપ્તિ શર્મા	4	0	22	2
અમનજોત કૌર	2	0	19	0
પૂજા વસ્ત્રાકર	2	0	8	1

આફ્રિદીએ પોતે ત્રીજી ટેસ્ટમાંથી બ્રેક માગ્યો હતો : ટીમ ડિરેક્ટર હાફિઝ

ત્રીજી ટેસ્ટના પહેલા દિવસે આફ્રિદીએ કહ્યું હતું કે ટીમ મેનેજમેન્ટ અને સપોર્ટ સ્ટાફને લાગ્યું કે મારે આરામ કરવો જોઇએ

કરાચી, તા. 07 (પીટીઆઈ) : ડાબોડી ઝડપી બોલર શાહિન શાહ આફ્રિદીને આરામ આપવાનો નિર્ણય ટીમ મેનેજમેન્ટનો હોવાની માન્યતાથી વિરુદ્ધનું નિવેદન કરતાં પાકિસ્તાની ટીમના ડાયરેક્ટર મહંમદ હાફીઝે ખુલાસો કર્યો હતો કે શાહીન આફ્રિદીએ ઓસ્ટ્રેલિયા સામે સિડનીમાં રમાનારી ત્રીજી અને અંતિમ ટેસ્ટમાંથી બ્રેક લેવાની વિનંતી સાથે તેનો સંપર્ક કર્યો હતો.

ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી ટેસ્ટ બાદ હાફિઝે કહ્યું હતું કે અમે શાહીનને આરામ આપવાનો અને તેના કામના બોજને મેનેજ કરવાનો નિર્ણય લીધો હતો કારણ કે અમે તેના શરીર પર પ્રતિકૂળ અસર કરવા માંગતા ન હતા. અંતિમ ટેસ્ટ માટે આફ્રિદીની ગેરહાજરી પાકિસ્તાની ક્રિકેટ સમુદાય માટે આશ્ચર્યજનક હતી. વસીમ અકરમ અને વકાર યુનિસે, આફ્રિદીને ટેસ્ટ માટે આરામ આપવાના તેમના નિર્ણય માટે ટીમ મેનેજમેન્ટને આડે હાથ લીધા હતા.

રૂ. ૬૦/- થી શરૂ
જબરજસ્ત એકશન, સંવાદો...
સલાર
* પ્રભાસ * શ્રૃતિસેનન * મિનાક્ષી ચૌધરી * પૃથ્વીરાજ * ટીનુ આનંદ
૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
એકશન થ્રીલર
એનિમલ
* રણબીર કપુર * બોબી દેઓલ * રશ્મિકા મંદાના * અનિલ કપુર
૧૨.૧૫, ૩.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

રાજકુમાર હિરાની પ્રસ્તુત
3 IDIOTS और PK के निर्देशक की ओर से
DUNKI
ROONGTA Multiplex
શ્યામ મંદિરની સામે, વીઆઈપી રોડ, વેસુ, સુરત.
ડંકી ૯.૧૫, ૧૦.૨૦, ૧.૨૦, ૪.૦૦, ૬.૦૦, ૬.૪૫, રાત્રે ૯.૪૫, ૧૦.૪૦
સલાર ૯.૨૫, ૧૨.૪૦, ૪.૦૦, ૭.૧૫, રાત્રે ૧૦.૩૦
એનિમલ ૧૨.૧૫, ૨.૨૦, ૭.૦૦, રાત્રે ૯.૦૦
ડેની જીગર * યશ સોની * તર્જીની ભાદલા ૯.૩૫, ૧૨.૦૦, ૪.૨૦
થિયેટર પર અને bookmyshow.com પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

જબરજસ્ત એકશન, સંવાદો...
CITY PLUS ફ્રી પાર્કીંગ MULTIPLEX
SALAAR
સલાર * પ્રભાસ * શ્રૃતિહસન * મિનાક્ષી ચૌધરી * પૃથ્વીરાજ ૧૨.૩૦, ૧.૧૫, ૭.૩૦, રાત્રે ૧૦.૪૫
ડંકી ૯.૦૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
૧૨મી ફેલ ૧૦.૩૦, ૪.૩૦, ૭.૧૫, રાત્રે ૧૦.૦૦
એનિમલ ૧૨.૧૫, ૩.૪૫
ડેની જીગર ૯.૪૫, ૪.૦૦
થિયેટર પર અને bookmyshow.com અને Paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.
ફોન બુકીંગ માટે : 93288 81222, 93275 42854

કુલ કોમેડી, એકશન, ફેમિલી, મનોરંજન, ગુજરાતી ફિલ્મ
CINEZZA Multiplex
ડીમાર્ટની બાજુમાં, જહાંગીરપુરા, સુરત.
ડેની જીગર * યશ સોની * જીતેન્દ્ર ઠક્કર * રાહુલ રાવલ * તર્જીની ભાદલા ૯.૦૦, ૧૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, રાત્રે ૯.૩૦
સલાર * પ્રભાસ * શ્રૃતિ હસન * મિનાક્ષી ચૌધરી * પૃથ્વીરાજ ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, રાત્રે ૧૦.૦૦
ડંકી * શાહરૂખખાન * તાપસી પન્નુ * વિક